ઉનાળાના ચાર માસ દરમ્યાન દૂષ્કાળના દિવસો ગાળવા માટે રાજસ્થાન અને કચ્છ સહિતના વિસ્તારો માંથી મોટા પાયે માલધારીઓ બનાસકાંઠા, પાટણ જીલ્લામાં આવી દૂષ્કાળના દિવસો ગુજારે છે. અને વરસાદ થતાં જ તેઓ પોતાના માદરે વતન પરત ફરે છે. આ વખતે પણ માલધારીઓ પોતાના દેશમાં વરસાદ થતાં જ માદરે વતન રવાના થયા છે. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

પ્રાંતિજની આંગણવાડીઓમાં લાખોના ભ્રષ્ટાચારની તપાસ કાચબાની ચાલે

પ્રાંતિજ, તા. ૨૮

પ્રાંતિજ તાલુકામાં ચાલતી ૨૧૩ આંગણવાડીઓના છ માસથી ત્રણ વર્ષ સુધીના ૫૮૬૮ અને ૩ થી ૬ વર્ષ સુધીના ૫૭૦૨ બાળકો માટે સરકાર દ્વારા પોષણક્ષમ આહાર આપવા માટે ખાસ યોજના જાહેર કરવામાં આવી છે ત્યારે પ્રાંતિજની આંગણવાડીઓમાં ચાલતી ભ્રષ્ટાચારની તપાસ ખાલી કાગળ ઉપર બતાવવા પુરતી જ થતા પ્રજાજનોમાં ભારે રોષ ફેલાયો છે અને દોષિતો સામે પગલા લેવાય તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકામાં કુલ ૨૧૩ આંગણવાડીઓનાં બાળકો માટે સરકાર દ્વારા પોષણ ક્ષમ આહાર આપવા માટે ખાસ યોજના જાહેર કરવામાં આવી છે. જેમાં ત્રણ વર્ષ સુધીના બાળકોને બાલભોગ, સુખડી, શીરો અને ઉપમા તથા સગર્ભા મહિલાને ફૂટ સહિતની ચીજવસ્તુઓ આપવામાં આવે છે. જેનો માસિક જથ્થો અંદાજે દસ હજાર કિલો થાય છે. આ તમામ ચીજવસ્તુઓ ભ્રષ્ટાચાર મોટા પાયે થાય છે. જ્યારે આંગણવાડીના મુલ્ય અધિકારીઓમાં કોઈ પણ ભ્રષ્ટાચાર વિશે બોલવા તૈયાર નથી અને આખુ ભ્રષ્ટાચારનું પોટલું બહેનોના શિરે નખાઈ રહ્યું છે. પ્રાંતિજ પંથકમાં હાલ આ ભ્રષ્ટાચારનો મુદ્દો ખુબ ચર્ચામાં છે. ત્યારે પ્રાંતિજની જનતા દૂધનું દૂધ અને પાણીનું પાણી એમ ભ્રષ્ટાચારના મૂળમાં તપાસ થાય તેવું ઈચ્છી રહી છે. અને આ કાચબાની ચાલે ચાલતી તપાસમાં વેગ આપવામાં આવે તો કેટલાય અધિકારીઓ કર્મચારીઓ ભ્રષ્ટાચારથી સપડાયેલા છે તે બહાર આવવાની શક્યતા છે.

સાબર ડેરી બહાર થયેલા પથ્થરમારામાં ૯ સહિત ૧૦૦૦ના ટોળા સામે ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરની નજીક આવેલી સાબરકાંઠાની સંસ્થા એવી સાબર ડેરીમાં ગુરુવારે વાર્ષિક સાધારણ સભા દરમિયાન થયેલ તોફાનમાં તોડફોડ અને પથ્થરમારાના બનાવવાના સંદર્ભમાં નવ સહિત એક હજારના ટોળા સામે હિંમતનગર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધી છે. સાબરડેરીના દરવાજા પાસે મહિલાઓ સહિતના ટોળાએ સાબર ડેરીના ડીરેક્ટર અને ચેરમેન સામે પોતાની માંગણીઓને લઈને શક્તિ પ્રદર્શન કરી સાધારણ સભા ખોરવવાનો પ્રયાસ માટે પ્રયાસો કર્યા હતા. જેને પગલે સાબર ડેરીની બહાર ઉભો કરાયેલ મંડપને તોડી નાંખીને આગ લગાડી દેવાઈ હતી. ત્યારબાદ તોફાની ટોળાએ સાબર ડેરીની અંદર પાર્કિંગ કરાયેલી કર્મચારીઓની ૧૫ જેટલી કારોના કાચ તોડી નાખી નુકસાન કર્યું હતું અને બહાર સરકારી વાહનોને પણ નુકસાન કર્યું હતું. મહિલાઓ સહિતના તોફાની ટોળાએ સાબર ડેરીમાં પ્રવેશવાનો દ્વાર તોડવા પ્રયત્ન કરતા પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો હતો અને ટોળાને વિખેરવા માટે ટીયરગેસના બે સેલ પણ છોડવામાં આવ્યા હતા. જેને લઈને તોફાની ટોળાએ પોલીસ સામે પથ્થરમારો કર્યો હતો.

પાકિસ્તાનના ઠગનો ધનસુરાના યુવાનને લોટરીની લાલચમાં ફસાવી ઠગવાનો નિષ્ફળ પ્રયાસ

વોડાફોન કંપની દ્વારા તમારે રૂ. ૨૫ લાખની લોટરી લાગી છે તેવો ફોન પાકિસ્તાનથી આવ્યો હતો

ધનસુરા, તા. ૨૮

વોડાફોન કંપનીના નામે પાકિસ્તાનના એક ઠગનો ધનસુરાના યુવાનને લોટરીની લાલચમાં ફસાવી તમારી લોટરી લાગી છે. રૂ. ૧૬,૨૦૦ ભરો અને રૂ. ૨૫ લાખનો ચેક મેળવો. તેવો ઠગવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ યુવાનની સમજ અને સમયસૂચકતાને લીધે લાલચનો ભોગ બનતા બચી ગયો હતો.

ધનસુરાના શક્તિનગર ખાતે રહેતા રતીભાઈ રમણભાઈ થોરી પોતાના પરિવાર સાથે રહે છે. જેમનો મોબાઈલ પર થોડા સમય પહેલા પાકિસ્તાનના એક ઠગે તેના મોબાઈલ નંબર ૦૦૯૨૩૩૪૬૧૬૨૨૮૫ પરથી ફોન કરી જણાવ્યું હતું કે વોડાફોન કંપનીની સ્કીમમાં તમારે રૂ. ૨૫ લાખની લોટરી લાગી છે. લોટરી નં. ૦૦૫૫ ફાઈલ નં. ૭૫ ટોકન નં. ૦૦૦૦૧૬ ચેક નંબર ૦૦૦૬૨૪૨૩૫૦૦૦ આ ચેક તમારો ૨૫ લાખનો તૈયાર છે. પણ આ ચેકની રકમ મેળવતા પહેલા તમારે ૧૬,૨૦૦ ઉપરોક્ત ખાતામાં જમા કરવા પડશે. તેમ જણાવતા આ યુવાન હરખઘેલો બની ૧૬,૨૦૦ રૂપિયા ભેગા કરવા મિત્રોને તમામ વાતની જાણ કરી હતી. ત્યારે એક જાગૃત નાગરિકને જાણ થતા તેને ઠગવાની આ ચાલ છે તેમ જણાવ્યું હતું અને મોબાઈલ નંબર ઉપર ફોન કરી પુછપરછ કરતા સામેથી જણાવેલ કે તમે વચ્ચે ન પડો તમારે શું લેવાદેવા કહી બેફામ ગાળો બોલતા ઠગે ફોન કાપી નાંખતા શંકા ગઈ હતી અને વોડાફોન કંપનીની ઓફિસે તપાસ કરતા કર્મચારીએ જણાવેલ કે આવા બોગસ વિદેશી ફોન કોલ દ્વારા લલચામણી જાહેરાતો કરવામાં આવે છે તે ખોટી છે. ધનસુરા તાલુકામાં આવા લલચામણી જાહેરાતના વિદેશમાંથી બોગસ ફોનમાં કેટલાય યુવાનો ફસાયા હોવાનું જાણવા મળ્યું છે. ભારતની મોબાઈલ કંપનીઓએ આ અંગે જાહેરાત આપી લાલચમાં નિર્દોશ યુવાનો ન ફસાય તે માટે જાહેર ખબર આપવાની જરૂર છે.

મહેસાણામાં પ્રકૃતિ પ્રેમી દ્વારા પ્રકૃતિ મંડળની રચના કરાઈ

મહેસાણા, તા. ૨૮

જમીન, પાણી, હવા, પશુ, પંખી, વનસ્પતિ, અગ્નિ, પ્રકાશ આ બધાને સમતુલિત રાખવા માટે વૃક્ષોનું સ્થાન મહત્વનું છે. ત્યારે આ દિશામાં પ્રકૃતિ માટે કંઈક કરવા તત્પર બનેલા પ્રકૃતિ પ્રેમીઓએ ભેગા મળીને મહેસાણા ખાતે પ્રકૃતિ મંડળની રચના કરી પશુઓ માટે પાણીના કુંડા, પરબ, ચકલીઓ માટે માળા બનાવીને વિનામુલ્યે વિતરણ કરવાનું તેમજ વૃક્ષારોપણને લગતુ ભગીરથ કાર્ય શરૂ કરેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રકૃતિ મંડળ મહેસાણાના સેવાભાવી કાર્યકરો વિજય પટેલ, લાલજી ડીયા, અઝહર લોટીયા, દિલીપ પ્રજાપતિ અને વિનોદ અઢિયોલ વગેરેએ મહેસાણા ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે જિલ્લામાં પ્રકૃતિ મંડળ દ્વારા ચકલીના પુનવર્સન માટે અત્યારસુધીમાં દસ હજારથી વધુ ચકલીના માળાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. પશુ પંખીઓ પાણી પી શકે તે માટે પ્રકૃતિ મંડળની ટીમ ભેગા મળીને વીસ હજારથી વધુ પાણીના કુંડાઓનું વિનામૂલ્યે વિતરણ કર્યું છે. આ ઉપરાંત પર્યાવરણને સમતુલિત રાખવા માટે વિવિધ વૃક્ષો ઉગાડાય તે માટે રોપાઓનું વાવેતર અને ઉછેરની પ્રવૃત્તિને વેગવાન બનાવવામાં આવી છે.

પ્રકૃતિ મંડળની ટીમના સભ્યોએ જણાવ્યું હતું કે વૃક્ષો વાવવા અને તેમાં રસ ધરાવતા વ્યક્તિઓને વિતરણની વ્યવસ્થા થકી વૃક્ષો પહોંચાડવાનું ઉમદા કાર્ય કરવામાં આવે છે. અત્યાર સુધીમાં પચાસ હજારથી વધુ રોપાઓનું વિનામુલ્યે લોકોને વિતરણ કરાયેલ છે. તેમજ બે હજારથી પણ વધુ રોપાઓનું વાવેતર અને તેનો ઉછેર કરે છે. પ્રકૃતિ મંડળના આ શુભ કાર્યમાં જોડાવવા માટે સૌ કોઈને અપીલ કરવામાં આવી હતી. પ્રકૃતિ મંડળનું પાયાનું કામ વૃક્ષોને બચાવવા, વાવવા, વવડાવવા અને ઉછેર થાય તે માટેનું છે.

ડીસાના ભોયણ પાસેથી યુએસ બનાવટની પિસ્ટલ અને જીવતા ચાર કારતૂસસાથે એક ઝડપાયો

ડીસા, તા. ૨૮

ડીસા તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટર આર એમ ભાદોરિયા અને તેમની ટીમે ભોયણ ગામ પાસેથી એક ઈસમના કપજામાંથી યુએસ બનાવટની પિસ્ટલ અને ચાર જીવતા કારતૂસ ઝડપી પાડ્યા હતા. આ ઈસમ વિરુદ્ધ પોલીસે આર્મ્સ એક્ટ મુજબ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ડીસા તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર એમ ભાદોરિયાને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક ઈસમ ડીસા તાલુકાના ભોયણ ગામે વિદેશી બનાવટની પિસ્ટલ લઈ વેચાણ અર્થે આવી રહ્યો છે. જેના આધારે પોલીસે પંચો રૂબરૂ બાતમીવાળી જગ્યાએ વોચ ગોઠવી હતી અને ત્યારબાદ ઈસમ ત્યાંથી પસાર થતાં તેને કોર્ડન કરી ઝડપી લીધો હતો.

પોલીસ તપાસમાં ઝડપાયેલો આ ઈસમ કાળુભાઈ શંકરલાલ ઠાકોર (ઉવ ૪૦, રહે. નાની આખોલ, તા. ડીસા) હોવાનું બહાર આવ્યું હતું. આ ઘાતક હથિયારો અંગે તેની પાસે કોઈ પરવાનો ના હોઈ પોલીસે તેના વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને પિસ્ટલ તથા કારતૂસ કબજે લીધા હતા.

ઉલ્લેખનીય છે કે આ ઈસમ અગાઉ પણ આર્મ્સ એક્ટના ગુનાસર પોલીસના હાથે ઝડપાયેલો છે અને તેના વિરુદ્ધ અનેક ગુના નોંધાયા છે.

(તસવીર કાન્તીલાલ લોધા, ડીસા)

ડીસા ખાતે સાંઈબાબા મંદિર ખાતે રાખેલ મોસાળમાં ભગવાન જગન્નાથજી અને સાંઈબાબાની પરંપરા મુજબ ડીસા ખાતે ચાલતી સેવાભાવી સંસ્થા સહયોગ સેવા ટ્રસ્ટ ડીસા વતી તા.૨૭-૬-૨૦૧૩ ના ગુરૂવારે સાંજે ૮:૦૦ કલાકે મંદિર પરીસરમાં રંગોળી પુરી દીવા પ્રગટાવી ૧૦૮ દિવાની મહા આરતી નું આયોજન સહયોગ સેવા ટ્રસ્ટના પ્રમુખ પ્રહલાદભાઈ ઠકકર દ્વારા આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે મોટી સમાજના આનંદ ગરબા મંડળીની બહેનો દ્વારા મોઢેશ્વરી માની પ્રતિમા સાથે ગીતાબેન મોદી, વર્ષાબેન દ્વારા મોટી સંખ્યામાં બહેનો હાજર રહી ગરબા કરેલ જેમાં શ્રી સુભાષ સેવા ટ્રસ્ટ ડીસા સંચાલિત શ્રી સુભાષ ચંદ્ર બોઝ સેવા સમિતિ ડીસાના જયોત્સનાબેન પટેલ અને અર્ચનાબેન દરજીએ સહયોગ આપેલ.આ કાર્યક્રમમાં નગર અગ્રણીઓમાં મહેશભાઈ દવે, હાથીભાઈ વાઘેલા, લલીતભાઈ દોશી, ડાં.દિનેશભાઈ પટેલ, લીચ્છુભાઈ અગ્રવાલ, બચુભાઈ માળી, સાંઈબાબા ટ્રસ્ટ વતી સતીષભાઈ પંચાલ, અશ્વિનભાઈ પરમાર, દિનેશભાઈ ટાંક (કાકા), તેમજ અન્ય ટ્રસ્ટ ગણ હાજર રહેલ. શ્રી સુભાષચંદ્ર બોઝ સેવા સમિતિ તરફથી નિલેષભાઈ પરમાર, દશરથભાઈ રાજગોર, મુકેશભાઈ પંડયા, દિપકભાઈ ભીમાણી, કૌટીલ્યકુમાર પુરોહીત, હેમજીભાઈ ઠાકોર, કેવળભાઈ જોષી, મુનીન્દ્રભાઈ દવે, ભરતભાઈ મખ્ખીજા, હિનેશભાઈ રાજપૂત, જયેશભાઈ શેઠ, ચેતનભાઈ પંડયા, નારીભાઈ રંગાણી, જશુભાઈ દેવીપૂજક તેમજ ડીસાના પત્રકાર મિત્રોએ હાજર રહી આ પ્રસંગને સફળ બનાવ્યો હતો.

મહેસાણા ખાતે એરફોર્સ ભરતી મેળો યોજાશે

મહેસાણા, તા. ૨૮

મહેસાણા જિલ્લા પોલીસ હેડક્વાટર્સ ખાતે ૧૪ જુલાઈ ૨૦૧૩ના રોજ ગ્રુપ એક્સ ટેકનીકલ ભરતી યોજનાર છે. ૧૪ જુલાઈ ૨૦૧૩ના રોજ લેખીત પરીક્ષામાં ઉમેદવારોએ સવારે ૭ કલાકથી ૧૦ વાગ્યા સુધીમાં પોલીસ હેડક્વાટર્સ ખાતે આવવાનું રહેશે.

આ ભરતી મેળા માટે ઉમેદવાર ૧ મે ૧૯૯૩ થી ૩ નવેમ્બર ૧૯૯૬ની વચ્ચે જન્મેલ હોવો જોઈએ. આ ભરતી માટે ધોરણ-૧૦+૨ની પેટર્ન મુજબ ગણિત, રસાયણશાસ્ત્ર અને અંગ્રેજી વિષયમાં ઓછામાં ઓછા ૫૦ ટકા હોવા જરૂરી છે. અથવા ત્રણ વર્ષના ડિપ્લોમાં કોર્સમાં મીકેનીકલ, ઈલેટ્રોનિક્સ, ઓટોમોબાઈલ્સ, કોમ્પ્યુટર સાયન્સ, ઈન્ડુમેન્ટ ટેકનોલોજી, ઈન્ફોરમેશન ટેકનોલોજી વિષય ગુજરાત સરકાર હસ્તક પોલીટેકનીકમાં ૫૦ ટકા સાથે ડિપ્લોમાં પાસ કરેલ હોવો જોઈએ.

ઉમેદવાર અપરિણત હોવો જોઈએ. ઉમેદવારની ઉંચાઈ ૧૫૨.૫ સેમી હોવી જરૂરી છે. પ્રવેશ પરીક્ષામાં અંગ્રેજી, ગણિત અને રસાયણશાસ્ત્રના વિષયમાં લેવાશે. આ અંગેનો અભ્યાસક્રમ www.indianirforce.nic.in પરથી મળી રહેશે.

ઉમેદવારનું શારીરીક પરીક્ષણ ૧.૬ કિમીની દોડ ૮ મિનિટમાં પૂર્ણ કરવાની રહેશે. ૭ મિનિટ અને ૩૦ સેકન્ડમાંદોડ પૂર્ણકરનારનેવધારાના માર્ક્સ આપવામાં આવશે. શારીરીક પરીક્ષણ સમયેઉમેદવારેસ્પોર્ટ્સ શુઝ તેમજ હળવો ખોરાક લઈને આવવાનું રહેશે.

આ એરફોર્સ ભરતી મેળામાં ભરૂચ, દાહોદ, ડાંગ, ઓખા અને દ્વારકા-મહેસાણા, નર્મદા, પોરબંદર, તાપી, વલસાડ, ડિસ્ટ્રીક્ટ ઓફ ગુજરાત સ્ટેટ એન્ડ દમણ અને દીવ તેમજ દાદરા નગર હવેલીના ઉમેદવારો ભાગ લઈ શકશે.

૧૪ જુલાઈના રોજ ઉમેદવારોએ સવારે ૭ કલાકથી ૧૦ કલાક સુધી હાજર રહેવાનું રહેશે. ઉમેદવારોએ બોલપેન, એચ.બી. પેન્શીલ, રબર, સંચો, રાઈટીંગ પેડ, સાત પાસપોર્ટ સાઈઝના ફોટા તાજેતરના. બે પરબીડીયા ૨૬+૧૨ સાઈઝના તમામ ગુણપત્રકો અસલ તેમજ પ્રમાણિત, પાસીંગ પ્રમાણપત્ર, એન.સી.સી. પ્રમાણપત્ર, ડોમીસાઈલ સર્ટીફીકેટ સાથે હોવું જરૂરી છે.

આ ભરતી અંગેની વધુ માહિતી માટે www.indianirforce.nic.in અથવા કમાન્ડીંગ ઓફિસર, ૬ એરમેન સીલેક્સન સેન્ટર, કોટનગ્રીન, મુંબઈ ૪૦૦૦૩૩ ટેલિફોન-૦૨૨-૨૩૭૧૪૯૮૨ એકટેસ નંબર ૨૫૧ સોમવારથી શુક્રવાર ૭.૩૦ કલાકથી ૧૪.૩૦ સુધી સંપર્ક થઈ શકશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

પાટણ

જીરુ	૨૧૫૦	૨૫૧૮
વરીયાળી	૮૦૦	૧૨૫૦
જુવાર	૩૦૦	૬૦૦
રાયડો	૫૬૫	૬૫૧
એરંડા	૬૫૦	૬૯૭
ઘઉ	૨૯૫	૪૦૧
બાજરી	૨૨૦	૩૦૦
બંટી	૩૮૦	૪૦૩
ગવાર	૯૫૦	૧૩૩૫
મેથી	૫૧૦	૫૪૮

વિજાપુર

વરિયાળી	૧૦૦૦	૧૩૦૦
એરંડા	૬૭૫	૬૯૭
બાજરી	૨૨૫	૩૧૦
ઘઉ	૨૯૦	૩૮૮
જુવાર	૩૭૦	૩૮૦
ગવાર	૧૦૦૦	૧૩૨૫
તલ	૧૪૦૦	૨૧૦૦

કૂકરવાડા

એરંડા	૫૮૦	૬૦૩
બાજરી	૨૨૦	૩૧૨
ઘઉં	૩૦૦	૩૭૯
જુવાર	૨૨૫	૩૬૫
ગવાર	૯૬૧	૧૩૭૨
રજકો	૨૬૭૭	

ધનસુરા

એરંડા	૬૮૦	૬૮૭
બાજરી	૨૧૦	૨૩૫
મકાઈ	૨૪૦	૩૦૦
ઘઉ	૩૦૦	૩૫૦
ગવાર	૮૭૦	૧૩૫૦

તલોદ

મગફળી	૪૯૯	૮૫૮
એરંડા	૬૮૦	૬૯૫
ઘઉ	૩૦૦	૩૩૦
બાજરી	૨૧૫	૨૯૫
ગવાર	૯૭૦	૧૩૫૦

ખેડબ્રહ્મા

ઘઉંલોકવન	૩૦૫	૩૩૦
ઘઉં	૩૨૦	૩૭૧
મકાઈ	૨૭૦	૨૮૧
મગ	૮૭૦	૧૦૧૧
મગફળી	૬૭૫	૭૩૦
એરંડા	૬૬૮	૬૭૫

દહેગામ

બાજરી	૧૮૩	૨૮૬
ઘઉં	૩૦૫	૩૧૮
ડાંગર	૨૭૫	૨૯૦
એરંડા	૬૭૭	૬૮૧
ગવાર	૧૦૦૦	૧૩૨૨
મકાઈ	૨૨૧	૨૮૫
તુવેર	૫૦૦	૬૩૦
જુવાર	૩૩૦	૩૮૦
રાયડો	૫૩૦	૫૬૦

રખિયાલ

બાજરી	૧૮૮	૨૮૦
ઘઉં	૩૦૦	૩૧૫
ડાંગર	૨૭૦	૨૮૦
એરંડા	૬૭૦	૬૮૦
ગવાર	૯૫૦	૧૩૧૫
મકાઈ	૨૨૫	૨૮૦
તુવેર	૫૨૫	૬૪૦
જુવાર	૩૨૫	૩૭૦
રાયડો	૫૨૫	૫૮૦

હિંમતનગર

મગફળી	૫૫૦	૮૪૪
એરંડા	૬૮૫	૬૯૯
ઘઉં	૩૧૦	૩૮૧
મકાઈ	૨૩૦	૨૭૬
ગવાર	૯૦૦	૧૨૫૧
બાજરી	૨૭૦	૨૭૬
ચણા	૬૦૦	૬૧૦
મગ	૮૦૦	૧૦૦૦

સિદ્ધપુર

જીરૂ	૧૮૭૧	
એરંડા	૬૭૨	૬૯૩
રાયડો	૫૭૫	૬૧૬
ગવાર	૧૦૦૦	૧૩૬૫
ઘઉં	૨૮૫	૩૭૧
બાજરી	૧૯૩	૨૭૯
સવા	૭૦૯	
જુવાર	૨૦૦	૬૧૧
મગ	૭૦૯	

ઉંઝા

જીરૂ	૧૯૨૦	૨૬૮૬
વરીયાળી	૬૯૦	૨૪૬૦
ઈ.ગુલ	૧૨૨૫	૧૪૫૦
રાયડો	૫૭૦	૬૫૧
તલ	૧૮૭૬	૨૨૫૦
મેથી	૫૫૧	
સરસવ	૬૫૬	
સવા	૬૨૫	૭૫૦

કડી

ઘઉ	૨૭૫	૩૭૫
બાજરી	૨૬૦	૨૬૭
ગવાર	૧૦૦૦	૧૩૯૩
એરંડા	૬૭૦	૬૭૮
જુવાર	૨૫૯	૩૮૦
રાયડો	૫૯૬	૬૦૦
બંટી	૬૩૦	૬૪૦

મહેસાણા

ઘઉં	૨૯૫	૩૦૦
બાજરી	૨૩૧	૨૮૫
એરંડા	૬૬૫	૬૯૫
ગવાર	૮૫૦	૧૩૪૩
જુવાર	૨૩૫	૪૧૧
જીરૂ	૧૬૦૦	૨૪૮૧
રાયડો	૫૦૧	૬૩૮
રજકો	૫૯૦	૧૧૨૦

માણસા

રાયડો	૬૦૦	૬૦૫
એરંડા	૬૬૨	૬૯૨
ગવાર	૧૦૦૦	૧૩૦૦
ઘઉં	૨૯૯	૩૫૪
બાજરી	૧૮૧	૨૮૫
જુવાર	૨૬૫	૪૯૫

મોડાસા

મગફળી	૪૦૦	૮૪૦
એરંડા	૬૭૦	૬૮૨
બાજરી	૨૫૦	૨૯૮
મકાઈ	૨૫૦	૨૮૨
ઘઉં	૩૦૦	૩૪૨
ગવાર	૯૦૦	૧૩૫૦

દીસોઈ

મગફળી	૫૦૦	૮૧૬
બાજરી	૨૫૦	૬૭૦
ઘઉં	૩૦૦	૩૨૦
ગવાર	૮૦૦	૧૨૭૪
એરંડા	૬૬૦	૬૭૨

બાયડ

બાજરી	૨૨૦	૨૭૫
મકાઈ	૨૫૦	૩૦૦
ઘઉ	૩૦૦	૩૫૦
એરંડા	૬૪૦	૬૭૦
ગવાર	૧૧૦૦	૧૩૫૦

હારીજ

રાયડો	૫૮૦	૬૦૬
એરંડા	૬૫૦	૬૮૫
બાજરી	૨૪૨	૩૯૧
ઘઉં	૨૯૦	૩૬૧
ગવાર	૧૦૦૦	૧૩૨૧
ચણા	૫૫૦	૫૯૧
અડદ	૫૦૦	૬૦૦
જીરુ	૨૧૦૦	૨૫૫૦

બાવળા

ઘઉં	૨૭૦	૩૩૦
ઘઉં	૩૧૪	૩૭૦
ઘઉં	૩૩૨	૩૩૭
એરંડા	૬૬૩	૬૭૪
મગ	૮૧૨	૯૨૧
રાઈ	૫૨૦	
મેથી	૫૬૧	
જવ	૨૩૧	

કલોલ

ઘઉં	૩૦૫	૩૬૫
એરંડા	૬૬૫	૬૮૦
ગવાર	૯૫૦	૧૩૫૫
બાજરી	૨૪૭	૨૯૭
ડાંગર	૨૭૦	૩૭૦
જુવાર	૩૨૫	૪૫૦
રાયડો	૫૯૦	૫૯૭

પાલનપુર

ઘઉં	૨૯૫	૩૪૨
એરંડા	૬૬૨	૬૮૨
બાજરી	૨૦૭	૨૮૪
રાજગરો	૧૦૦૦	૧૧૭૭
ગવાર	૯૦૦	૧૪૦૦
જુવાર	૫૬૦	૬૦૫
મગફળી	૬૬૦	૮૬૫

વિસનગર

ઘઉં	૨૯૦	૩૬૫
બાજરી	૨૦૦	૩૧૫
જુવાર	૩૫૦	૩૩૫
ગવાર	૭૦૦	૧૩૦૬
રાયડો	૫૭૫	૬૨૮
રજકો	૧૫૦૦	૨૫૨૫
એરંડા	૬૬૦	૬૯૨
મેથી	૫૪૦	

સલાલ

મગફળી	૫૦૦	૮૩૦
ઘઉં	૩૧૫	૩૫૫
બાજરી	૨૪૦	૨૮૦
ડાંગર	૩૦૦	૩૩૦
ડાંગર ગુજ.	૩૩૫	૩૫૫

ઇડર

મગફળી	૬૦૦	૮૫૦
ઘઉં	૩૧૦	૩૫૨
બાજરી	૨૫૬	૨૫૭
મકાઈ	૨૬૦	૨૮૨
મગ	૯૫૦	૧૦૦૦
ગવાર	૧૦૦૦	૧૩૫૦
એરંડા	૬૬૫	૬૭૨
મેથી	૬૦૦	૬૧૩

પ્રાંતિજ

એરંડા	૬૫૦	૬૭૦
ઘઉ	૩૦૦	૩૫૦
બાજરી	૨૩૦	૨૮૦
ડાંગર	૩૦૦	૩૩૧
ડાંગર	૩૩૫	૩૫૫

ગોઝારીયા

રાયડો	૬૧૫	
એરંડા	૬૮૦	૬૯૭
બાજરી	૨૭૦	૨૯૦
ઘઉ	૩૦૦	૩૫૦
જુવાર	૩૨૦	૪૦૭
ગવાર	૧૩૦૦	૧૩૬૮